## અન્નદાન દ્વારા પુરુષોત્તમ માસની પુર્ણાહૂતિ



પવિત્ર પુરુષોત્તમ માસની પુર્ણાહૂતિ સમયે વધુમાં વધુ પૂણ્યનું ભાથુ બાંધી લેવાના પ્રયાસરૂપે ધાર્મિક ભાવનાથી પ્રેરિત થઈને ભાવિકો દ્વારા અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ અને જરૂરિયાતમંદ પરિવારોને અન્નદાન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ખાતે માનસિક વિકલાંગ બાળકો માટેની સ્મૃતિ વિકાસ શાળા ખાતે આવા જ એક ભાવિક નિલેષભાઈ પટેલ તાજપુરવાળા તરફથી બાળકોને મિષ્ઠાન સહિતનું ભોજન કરાવવામાં આવ્યું હતું. **(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

# સાત વર્ષની દિકરી સાથે પિતાનો લીંબડીયા કેનાલમાં આપઘાત

## નારોલથી પિતા બે દિકરીઓને ૧૪ તારીખે મંચુરીયન ખાવા લઈ ગયા ત્યારથી લાપતા હતા : બીજી દિકરી હજુ લાપતા



ગાંધીનગર, તા. ૧૬

અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષિય પિતા તેની બંને દિકરીઓને લઈને ઘરેથી ૧૪ તારીખે મંચુરીયન ખવડાવવા લઈ ગયા હતા. ત્યારબાદ ઘરે પરત ફર્યા ન હતા. દરમ્યાન આજે બપોરના અરસામાં ગાંધીનગર પાસેની લીંબડીયા નર્મદા કેનાલમાંથી પિતા અને તેમની સાત વર્ષની દિકરીનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ બીજી પાંચ વર્ષની દિકરી હજુ પણ લાપત્તા છે તેની પણ શોધખોળ ચાલુ છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ નારોલ વિસ્તારના ઠાકોર વાસમાં રહેતા ૩૨ વર્ષિય દિનેશભાઈ પથુભાઈ ઠાકોર ૧૪ જુલાઈએ પોતાના ઘરેથી બંને દિકરીઓ ૭ વર્ષિય અંજલી અને ૫ વર્ષિય દિવ્યાને લઈને મંચુરીયન ખવડાવવા લઈ ગયા હતા. ત્યારથી ઘરે પરત ફર્યા ન હતા. પરિવારજનોએ નારોલ પોલીસને ઘટનાની જાણ કરી હતી અને બંને સંતાનો સાથે ગુમ પિતાની શોધખોળ ચાલુ કરાઈ હતી. દરમ્યાન આજે બપોરના અરસામાં લીંબડીયા નર્મદા કેનાલમાંથી ૭ વર્ષની દિકરી અંજલી સાથે પિતા દિનેશ ઠાકોરનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસને કેનાલ સિક્યુરીટી મારફતે ઘટનાની જાણ થતાં સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ તેની બીજી પાંચ વર્ષની દિકરી દિવ્યાનો હજુ પણ કોઈ જ પત્તો નથી. ડભોડા પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

## વય નિવૃત્ત એસ.ટી. કર્મચારીઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

સેક્ટર-૬ સ્થિત રોહિદાસ સેવા સમાજ ખાતે જયભીમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર એસ.ટી. ડેપોમાં નિવૃત્ત થતા કર્મચારીઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર એસ.ટી. ડેપો વિભાગમાં ફરજ બજાવતા ગોવિંદભાઈ સોનારા-કંડકટર, નરસિંહભાઈ પરમાર-ટીસી, રમણભાઈ વાઘેલા-કંડકટર, મનહરભાઈ ચૌહાણ-કંડ્કટર, બાબુબાઈ મકવાણા-ડ્રાઈવર, પુરષોત્તમ સી. પરમાર-ડ્રાઈવર, નાગરભાઈ રાવત-કંડકટર અને બાબુભાઈ કંડ્કટર વય નિવૃત્ત થતા સન્માન સમારોહ યોજાયો હતો. વય નિવૃત્ત કર્મચારીઓને શાલ ઓઢાડી ડૉ. આંબેડકરનો ફોટો આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સમારોહમાં ગાંધીનગર ડેપો મેનેજર યોગેશભાઈ પટેલ, પી.એસ. સુતરિયા, ડૉ. બળદેવભાઈ આગજા, સી.જે. પરમાર, રોહિદાસ સમાજના પ્રમુખ સુનીલભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ગૌતમકુમાર મેસરિયા, નરેન્દ્ર ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કુબાવત ગાદીના પ.પૂ. મૂળદાસ સાધુએ આશીર્વચન પાઠવ્યા હતા.

## પેથાપુરમાં રામજી મંદિરેથી ૧૮મીએ રથયાત્રા નીકળશે

ગાંધીનગર, તા. ૧૬

પેથાપુર ખાતે અષાઢી બીજે ભવ્ય રથયાત્રાનું શનિવારે આયોજન કરેલ છે. રથયાત્રા સમિતિના જણાવ્યા મુજબ રથયાત્રા નાની બજાર, હાઈસ્કૂલ, રામજી મંદિરથી નીકળશે. બેન્ડવાજા, સુશોભીત વાહનો, ભક્ત મંડળીઓ, ઊંટલારીઓ, ટ્રેક્ટરો, વેશભૂષા હરિફાઈનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી નટુભાઈ કે. દરજી (એસ.ટી.) પાસે નામ નોંધાવવાના રહેશે. નિર્ણાયક તરીકે શ્રી પોપટલાલ પ્રજાપતિ, હસમુખભાઈ કે. મેકવાન રહેશે. રથયાત્રા માટે શ્રી અલ્કેશભાઈ પરમાર, દિનુભાઈ દરજી, ચૌહાણ દિનેશભાઈ કેશવલાલ વાઘેલા, અમરસિંહભાઈ વાયરમેન, આશીષભાઈ ભટ્ટ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. નગરજનો મોટી સંખ્યામાં જોડાઈને દર્શનનો લાભ લેનાર છે.

## માણસામાં આપના સંગઠન નિર્માણની પ્રક્રિયા હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટીનું સંગઠન એકાદ બે માસમાં સક્રીય રીતે કાર્યરત થનાર છે. તાજેતરમાં દિલ્હીથી આવેલ આશિષ ખેતાનો પાર્ટીના કાર્યકર્તાઓમાં નવો જોમ-જોશ ભરી દીધો છે. ગઈકાલે દિલ્હીથી આવેલ પર્થવેક્ષક દિલીપ ચૌહાણ ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ઠ તમામ વિધાનસભા વિસ્તારના સંગઠનની નિર્માણ પ્રક્રિયા માટે રૂપેખા તૈયાર કરી દીધી છે. માણસા તાલુકાના સંગઠનમાં સક્રિય રીતે જોડાવા માંગતા નાગરિકો માટે વિવિધ હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે.

## દહેગામમાં થયેલી ચોરીનો આરોપી એલસીબીના સકંજામાં

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ વિસ્તારમાં થયેલી ચોરી અંગે ગાંધીનગર એલસીબી પીએસઆઈ એચ.એલ. સોલંકીએ બાતમીને આધારે એક ચોરને ઝડપી પાડયો છે. ખેડા જિલ્લાના કપડવંજ વિસ્તારનો સુનિલ રામજી સલાટ નામના શખ્સની ચોરીનાં મોબાઈલ સહીતના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ઝીણવટભરી તપાસ માટે સઘન પુછપરછ શરુ કરી છે.





## ગાંધીનગર એફએસએલ પાસેથી નેપાળ પોલીસ તાલીમ મેળવશે

**ઈન્વેસ્ટીગેશનથી માંડીને નાર્કોટીકસ ડ્રગ્સ સંદર્ભના તમામ ફોરેન્સીક વિષયો અંગે ખાસ તાલીમનું આયોજન : તાજેતરમાં બાંગ્લાદેશ પોલીસો તાલીમ લીધી**

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સ્થિત ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દેશની નંબર વન લેબોરેટરી ગણાય છે ત્યારે વિવિધ રાજયો ઉપરાંત અન્ય દેશોમાંથી પણ પોલીસ અધિકારીઓ ગાંધીનગર એફએસએલ ખાતે વિવિધ વિષાયોમાં તજજ્ઞ થવા માટે તાલીમ લેવા ગાંધીનગર આવે છે. તાજેતરમાં બાંગ્લાદેશ પોલીસના અધિકારીઓ ૧૫ દિવસની તાલીમ લઈને ગયા અને હવે બે તબક્કામાં નેપાળ પોલીસના અધિકારીઓ વિવિધ ઈન્વેસ્ટીગેશન મેથડથી માંડીને નાર્કોટીકસ ડ્રગ્સને લગતા તમામ વિષયો પર ખાસ તાલીમ લેવા ગાંધીનગર આવનાર છે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ એકસ્ટર્નલ અફેર્સના સહયોગથી નેપાળ પોલીસના અધિકારીઓને ગાંધીનગર એફએસએલ ખાતે તાલીમ માટેનું ખાસ ટાઈ-અપ કરવામાં આવ્યું છે. ૩૧ ઓગષ્ટથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ૧૦ જેટલા ડીવાયએસપી કક્ષાના અધિકારીઓને ગાંધીનગર એફએસએલ ખાતે નેપાળનો સળગતો અને જટીલ બનેલો પ્રશ્ન નાર્કોટીકસ એન્ડ ડ્રગ્સ અંતર્ગત તાલીમ અપાશે. એનાલીસીઝ ઓફ નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સ વિષય પર તેમને તાલીમ આપાવામાં આવશે. તે ઉપરાંત નેપાળથી જ ૧૬ પોલીસ અધિકારીઓની નવી બેચ વિવિધ આઠ વિષય પર ૨૩ નવેમ્બરથી ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી તાલીમનું આયોજન છે. ત્રણ મહિનાની આ તાલીમમાં નેપાળ પોલીસને ફોરેન્સીક બાયોલોજી, ફેશન ડોકયુમેન્ટસ, એકઝામીનેશન, ફોરેન્સીક ટ્રોકસીકોલોજી, ફીંગર પ્રિન્ટ, ફોરેન્સીક ફીઝીકસ અને ડીએનએ એનાલીસીઝ સહિતન આઠ વિષયો અંગે ઝીણવટભર્યું જ્ઞાન આપી તાલીમબધ્ધ કરવામાં આવશે.

## નગરના દૂધ વિતરકો દ્વારા સર્વિસ ચાર્જના નામે કરાતી ગ્રાહકોની ઉઘાડી લૂંટ

**દૂધની થેલી પર છાપેલી કિંમત કરતા વધુ કિંમત વસુલાય છે : તંત્ર દ્વારા આંખ મિંચામણા : ગ્રાહકો દ્વારા એમઆરપી કરતા વધુ કિંમત વસુલતા વિતરકો સામે કડક કાર્યવાહી કરવા માંગ : ગ્રાહકોએ પણ વધુ કિંમત વસુલતા વિતરકોનો બહિષ્કાર કરવાની તાતી જરૂર**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં મધુર ડેરી દ્વારા તાજેતરમાં જ દૂધના ભાવમાં ધરખમ વધારો ગ્રાહકો પર ઝીંકવામાં આવ્યો હતો. આટલુ ઓછુ હોય તેમ નગરના દૂધ વપરાશકારોને દૂધની થેલી પર છાપેલી કિંમત કરતાં પણ એક રૂપિયો વધુ ચુકવવો પડી રહ્યો છે. નગરના દૂધ વિતરકો દ્વારા નાગરિકો પાસેથી સર્વિસ ચાર્જના નામે ધરાર વધુ કિંમત વસુલી રહ્યા છે ત્યારે મોંઘવારીના મારથી પીસાયેલા મધ્યમવર્ગ માટે મજબુરીમાં આ આર્થિક બોજો સહન કરવો પડી રહ્યો છે. આમ છતાં ડેરીના સત્તાવાળાઓ તેમજ સરકારીતંત્ર દ્વારા આ બેરોકટોક ચલાવાતી લૂંટ સામે આંખ આડા કાન કરાઈ રહ્યાં છે.

અત્યારે ગાંધીનગરમાં મધુર ડેરી દ્વારા જે દૂધનું વિતરણ કરાઈ રહ્યું છે તેમાં ગોલ્ડનો ભાવ થેલી દીઠ રૂ. ૨૪ છે. એટલે કે લીટર દૂધનો ભાવ રૂ. ૪૮ થયો, અને શક્તિના થેલી દીઠ રૂ. ૨૨ છે તે મુજબ લીટરનો ભાવ રૂ. ૪૪ થાય છે. નગરના મોટાભાગના દૂધ વિતરકો દ્વારા ખુલ્લેઆમ ગોલ્ડ દૂધના રૂ. ૨૫ એટલે કે લીટરના રૂ. ૫૦ અને શક્તિના રૂ. ૨૩ એટલે કે લીટરના રૂ. ૪૬ વસુલવામાં આવે છે. આમ છાપેલી કિંમત કરતા પણ વધુ કિંમત વસુલવામાં આવી રહી છે. સરકાર દ્વારા અવારનવાર કોઈપણ ચીજવસ્તુ પર એમઆરપી કરતા વધુ કિંમત નહી ચુકવવા માટે ગ્રાહકોને જાગૃત કરવામાં આવે છે તેમજ વેપારીઓને પણ એમઆરપી કરતા વધુ કિંમત વસુલવાની બાબતને ગુનાહિત કૃત્ય ગણાવી તેમ નહી કરવા ચેતવવામાં આવે છે. આમ છતાં નગરમાં અનેક દૂધ વિતરણ કરતા પાર્લરો અને કેન્દ્રો પરથી સર્વિસ ચાર્જના નામે દૂધની કોથળી દીઠ એક રૂપિયો વધુ વસુલાઈ રહ્યો છે તે બાબતે તંત્ર દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યાં છે.

દૂધ એ તમામ ઘરની પ્રાથમિક જરૂરિયાત છે અને દરેક નાગરિક રોજેરોજ તાજુ દૂધ વાપરવાનો આગ્રહ રાખે તે તેનો અધિકાર છે. વળી, દૂધ એ જલ્દી બગડી જતી વસ્તુ હોવાથી નગરજનો રોજેરોજ તાજુ દૂધ ખરીદીને વાપરવાનો આગ્રહ રાખે છે. સામાન્ય રીતે પાંચ વ્યક્તિના એક સામાન્ય પરિવારને રોજના બે થી ત્રણ લીટર દૂધની જરૂર પડતી હોય છે. આ સંજોગોમાં લીટર દીઠ બે રૂપિયા વધુ ચુકવવા પડે છે એનો મતલબ મહિને બસ્સો રૂપિયાનો વધારાનો માર સામાન્ય નાગરિકે ભોગવવો પડે છે. મધ્યમ અને ગરીબ પરિવાર માટે દર મહિને બસ્સો રૂપિયા એ મોટી વાત ગણાય છે. આ સંજોગોમાં છાપેલી એમઆરપી કરતા વધુ કિંમત વસુલતા દૂધ વિતરકો પર ડેરીના સત્તાવાળાઓ તરફથી કાર્યવાહી કરાય તે આવશ્યક છે. પરંતુ તંત્ર દ્વારા પણ સત્તાની રૂએ ગ્રાહકોને લૂંટતા આ વિતરકો સામે કડક હાથે કામ લઈ કાનુની કાર્યવાહી કરવાની તાતી જરૂર છે. નગરજનોએ પણ ગ્રાહક તરીકે જાતે જાગૃત થઈ આ પ્રકારના છાપેલી કિંમત કરતા વધારાના ચાર્જ ચુકવવા ઈન્કાર કરી દેવો અને જો વિતરક ના માને તો તેનો બહિષ્કાર કરી ડેરીના અધિકૃત પાર્લર પરથી દૂધ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ.

## વિદ્યુત કામદાર સંઘના અટવાયેલ પ્રશ્નોનું સુખદ નિરાકરણ

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે માટે અથાગ પ્રયત્નો કરી પોતાનો પરસેવો પાડતા કર્મચારીઓના પડતર પ્રશ્નો ભરતી, બઢતી, બદલી, નવી ભરતી દરમ્યાન જુના કર્મચારીઓને થતા અન્યાય જેવા જલદ પ્રશ્નો વર્ષોથી સરકારમાં અટવાયેલા પડ્યા હતા. આ અંગે વિદ્યુત કામદાર સંઘના પ્રેસીડન્ટ વિપુલ બ્રહ્મભટ્ટે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલ સમક્ષ આ પ્રશ્નો અંગે અસરકારક રજૂઆત કરી હતી.

રાજ્ય સરકારમાં યોગ્ય રજૂઆત થતા રાજ્ય સરકારના સકારાત્મક વલણથી વિદ્યુત કર્મચારીઓના વર્ષોથી અટવાયેલા આ પડતર પ્રશ્નોનું મુખ્યમંત્રીના વડપણ હેઠળ ઊર્જામંત્રી સૌરભભાઈ ટેલ દ્વારા સકારાત્મક વલણ અપનાવી પ્રશ્નોમાં ઊંડો રસ દાખવી કર્મચારીઓના પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવેલ છે.

# થોડાક જ દિવસોમાં સારો વરસાદ થશે : અંબારામ

**આગામી ૭૨ કલાકમાં વીજળી ચમકશે : ગીરનારી પવનના કારણે વરસાદ મોડો પડશે પરંતુ સારો વરસશે : જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ પટેલની આગાહી**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યમાં હાલ વરસાદ ખેંચાયો છે અને ખેડૂત ભાઈઓ ચિંતામાં છે. જો કે હમણા છેલ્લા સપ્તાહથી હવામાનમાં પલટો આવે છે. અને કોઈપણ ભાગમાં વરસાદ કે છાંટા થાય છે. ગીરનારી પવન હાલમાં ફૂંકાતો હોઈ ખેડૂત ભાઈઓ ચિંતામાં પડી ગયા છે. ગીરનારી પવન ફુંકાય તો વરસાદ મોડો પડતો હોય છે. કારણ કે, ગીરનારી પવનના લીધે હવામાન ધીરે ધીરે સાનુકૂળ બનતુ હોય છે. એટલે વરસાદને ઠેલી મુકતા ગીરનારી પવન ફુંકાવો પણ જરૂરી છે. ગીરનારી પવન અંગે કહેવાય છે કે 'જો વાયા ગીરનારી તો દુનિયા થાય મરનારી' પરંતુ ગીરનારી પવન પછી વરસાદની સાનુકૂળતા થતાં કહેવાય છે કે 'જો વાય ગીરનારી તો ડુંગર માથે ડોબાપાંઉ' એટલે કે, પાછળથી સારો વરસાદ થતો હોય છે. માટે ગીરનારી પવનથી ગભરાવા જેવું નથી. વળી, બંગાળના ઉપસાગરના વહનના બે ભાગ પડે છે. એક ભાગ બંગાળ-બીહાર, પૂર્વ ભારત તરફ કાર્યરત થતો હોય છે અને બીજો ભાગ વાયવ્ય પ્રાંત તરફ પણ જતો હોય છે. હવે કઈ શાખાથી ભારતમાં વરસાદ આવે તે નક્કી કરીને કહી શકાતુ નથી. અત્યારે હાલમાં વારાસણી-કાશી તેમજ ઉત્તર પૂર્વિય ભારતમાં વરસાદનું જોર છે. જ્યારે ગુજરાત અંગે જોઈએ તો વરસાદની ગિતિવિધિ હવાના દબાણ ઉપર આધાર રાખે છે. એટલે હવે આગામી થોડાક જ દિવસોમાં હવામાન સુધરશે અને હવાનું દબાણ એક હજાર મીલીબારથી નીચુ જતાં સાનુકૂળતા ઉભી થશે. ૭૨ કલાકમાં વીજળી થવાની શક્યતા છે. વરસાદનો માર્ગ વીજળી બતાવે એમાં જો પશ્ચિમ તરફ વીજળી થાય તો હવાનું દબાણ પશ્ચિમ મહાસાગર તરફ થયું ગણાય અને ઈશાની વીજળી થાય તો વરસાદ સારો આવે. વીજળી સમી સાંજની થાય તો સારૂ. અષાઢ સુદ બીજના વીજળીના સંજોગો જોવામાં આવતા હોય છે અને આ વખતે ચંદ્ર વાદળામાં ઉગે તો સારૂ એટલે વીજળી થવાની શક્યતા છે. વીજળી વહેલી કે મોડી થાય, પરંતુ વીજળી થશે અને આગામી થોડાક જ દિવસોમાં વરસાદ આવશે. વરસાદી વાદળો પૂર્વ ભારત તરફથી આવતા તેમાં ભેજ ઓછો હોય તો છાંટાછુટી જેવો વરસાદ થાય છે. એટલે હજુ મુંબઈ તરફની શાખા સક્રિય થઈ નથી એટલે હવે સક્રિય થશે અને છાંટાછુટી જેવા વરસાદમાંથી સારૂ બંધારણ થઈ સારો વરસાદ થશે. જુલાઈના અંતમાં અને ઓગષ્ટમાં પણ સારો વરસાદ થશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૨૯

### તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

**સવારે ૭૩ ટકા ● સાંજે ૪૮ ટકા**

### મનોરંજન

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન : ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦

**સ્ક્રીન-૩ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦

**સ્ક્રીન-૪ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વધુ પ્રયત્ન કરવો પડશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**સિંહ** : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખપ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

**ધન** : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

### ચિરવિદાય

- સ્વ. બાદરજી નાગરજી ઠાકોર (ઉ.વ.૩૮) મુ. ધોળાકુવા, તા.જી. ગાંધીનગર
- સ્વ. દિપક અરવિંદભાઈ પંચાલ (ઉ.વ.૨૩) મુ. ચીલોડા મોટા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કાન્તાબેન કાળાજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર

## બેસતા મહિનાનું મહા માંગલિક પ્રવચન

ગાંધીનગર, તા. ૧૬

આચાર્યશ્રી પ્રશાંતકિર્તીસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ તેમજ પ.પં. ભવ્યકિર્તીસાગર સુરીશ્વર મહારાજ સાગર સાહેબનું બેસતા મહિનાનું મહા માંગલિક પ્રવચન તેમજ આર્શીવચન શુક્રવારે સવારે ૯.૦૦ કલાકે સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે રાખેલ છે તો સકળ સંઘના ભાઈ બહેનોને લાભ લેવા વિનંતી છે.

